દાદા ભગવાન પરિવારનું

નવેમ્બર ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## દાદા, ધ પઝલ સોલ્વર





# દાદા, ધ પઝલ સોલ્વર



## સંપાદકીય

દુનિયામાં જાતજાતની કળાઓ હોય છે. એક 'આર્ટિસ્ટ' પાસે પોતાના આર્ટની કળા હોય, એન્જિનિયર પાસે એન્જિનિયરિંગની કળા હોય, વકીલ પાસે વકીલાતની કળા હોય વગેરે વગેરે. પણ શું આ કળાઓથી લાઈફના બધા જ પ્રૉબ્લેમ્સ સૉલ્વ થઈ જાય ? ના !

કળા તો એવી શીખી લેવા જેવી છે જેનાથી લાઈફના બધા જ પ્રૉબ્લેમ્સ સૉલ્વ થઈ જાય અને લાઈફ ઈઝી બની જાય. દાદાશ્રી પાસે એવી જ સુંદર કળાઓ હતી જેનાથી તેઓ પોતાની લાઈફના ગૂંચવાડાઓ સૉલ્વ કરતા હતા અને સાથે સાથે બીજાના પણ કરી આપતા હતા.

ચાલો, આ અંકમાં વાંચીએ કે દાદાશ્રીએ કેવી રીતે, જુદા જુદા પ્રસંગોમાં પોતાની અનોખી કળાથી પ્રૉબ્લેમ્સ સૉલ્વ કર્યા. સાથે સાથે દાદાશ્રીના દર્શનની અદ્‌ભુત મહત્ત્વતા સમજીએ અને ક્યારેય એ દર્શનનો લ્હાવો ના ચૂકીએ.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૫, અંક : ૩
સળંગ અંક : ૧૭૧
નવેમ્બર ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



Today's Special
આલુ-ચીલી ચાલ્યા ફરવા !
AALOO CHILLY
આલુ, તું બેસ્ટ છે ! તું કાયમ મારો સામાન ઊંચકે છે.
તારો સામાન તો મારા કરતા પણ વધારે છે !
અને તેં બે કેમેરા કેમ લીધા છે ?
એક કેમેરાથી તું પૂજ્યશ્રીના વિડિયો લેજે, ને બીજાથી હું ડ્રોનની જેમ ઊડીને ફોટોઝ પાડીશ.
હા, આપણે પૂજ્યશ્રીના ૩૬૫ ફોટોઝ પાડી લઈશું.
હા, રોજ એક જોવાનો ! ને આપણે દાદા સાથે સેલ્ફી પણ લઈશું !


# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : બોધકળા એટલે શું ?


પૂજ્યશ્રી : બોધકળા એટલે ગમે તેવું પઝલ આવે તો સોલ્યુશન લાવી નાખે. દાદા પાસે ગિફ્ટ હતી કે તેઓ કોઈને દોષિત જોયા વગર, કોઈને દુઃખ આપ્યા વગર, કોઈ પરિસ્થિતિને ગુનેગાર જોયા વગર, પ્રૉબ્લેમને સૉલ્વ કરી નાખતા. એ બોધકળા કહેવાય. એવું એડજસ્ટમેન્ટ લે કે અંદર સમાધાન થઈ જાય અને સોલ્યુશન આવી જાય.

પ્રશ્નકર્તા : તો શું અમે પણ બોધકળા ડેવલપ કરી શકીએ ?


પૂજ્યશ્રી : હા, કરી શકાય ને. સત્સંગ સાંભળતા સાંભળતા આપણી સમજણ વધે. પછી જ્યારે નાના-મોટા પ્રૉબ્લેમ્સ આવે તો કોઈને દોષિત જોયા વગર, કોઈને દુઃખ આપ્યા વગર સૉલ્વ કરવાનું. એ સૉલ્વ કરતા કરતા આપણી શક્તિ વધે. અને આપણી પાસે તો રેડીમેડ દાદાની વાતો છે, તો એ વાપરવાની. એટલે ધીમે ધીમે આપણી શક્તિ વધે.





નીડર
પઝલ સૉલ્વર
એકવાર દાદાશ્રીને બરોડા સ્ટેશનથી સાંજે ૫ વાગ્યાની ટ્રેનમાં ધંધાના કામથી બહાર જવાનું હતું. એમની સાથે એક હેલ્પર હતો. તેઓ સ્ટેશને પહોંચ્યા ત્યારે એમની ટ્રેન ઊપડી ગઈ હતી.
કામ માટે જવું તો જરૂરી હતું. પણ જવા માટે લગભગ અઢાર કિલોમીટર ચાલીને બીજે ગામ જવાનું હતું. દાદાશ્રીએ એમના હેલ્પર સાથે ચાલીને જવાનું નક્કી કર્યું.
દાદાશ્રી ખિસ્સામાં, કામ માટે હજાર રૂપિયા લઈને નીકળ્યા હતા. તે જમાનાના હજાર એટલે આજના જમાનાના લગભગ લાખ રૂપિયા થાય. હેલ્પરને આટલી મોટી રકમ સાથે લઈને જવામાં થોડો ડર લાગ્યો. પણ દાદાશ્રીએ એને વિશ્વાસ અપાવ્યો કે તેઓ બધું સંભાળી લેશે.


આશરે ૧૨ કિલોમીટર
ચાલ્યા પછી એક ગામમાં
બન્નેએ ચા-નાસ્તો કર્યો.
પછીનો રસ્તો થોડો ભયવાળો
હતો. એ ગામના તળાવને
કિનારે લૂંટારાઓ બેસીને
મુસાફરોને લૂંટતા હતા.
એક બાજુ અંધારું અને બીજી
બાજુ લૂંટારાઓનો ડર. હેલ્પર તો
ગભરાઈ ગયો. પણ દાદાશ્રીએ
કહ્યું કે તેઓ બધું જ સંભાળી લેશે.
ફક્ત હજાર રૂપિયા હેલ્પરને
પોતાની લંગોટમાં બાંધી દેવા કહ્યું.
Amphitheatre
Puppet Show
tsang Hall
પણ દાદાશ્રીએ
પૈસા હેલ્પરને કેમ
આપી દીધા ?
કારણ કે હેલ્પર તો ગરીબ
હતો. જો લૂંટારાઓ પૈસા
લૂંટવા આવે તો પહેલા
દાદાશ્રીને જ લૂંટે. હેલ્પરને
તો જુએ પણ નહીં. પણ તું
વચ્ચે ડિસ્ટર્બ ના કર.
પહેલા આખી સ્ટોરી
સાંભળ.


થોડું આગળ ચાલ્યા ત્યાં તો તળાવ પાસે ૪-૫ લૂંટારાઓ બેઠેલા હતા. અંધારી રાતમાં તેઓ ભયાનક લાગતા હતા. દાદાશ્રીએ હેલ્પરને એમની પાછળ ચાલવા કહ્યું.
સહેજ પણ ડર્યા વગર દાદાશ્રી લૂંટારાઓ પાસે ગયા.
અલ્યા, ક્યાંથી આવ્યો ?
આ તો ટિકિટના પૈસા નહોતા એટલે ચાલતા ચાલતા આવ્યા છીએ. તમે મળ્યા તો સારું થયું. ચાલો નિરાંતે બીડી પીએ. બીડી સળગાવી દો ને ! મારી માચીસ ખલાસ થઈ ગઈ છે, માચીસ આપો ને !
લૂંટારાએ બીડી સળગાવી આપી.
આની પાસે તો માચીસનાય પૈસા નથી. આ તો માથે પડે એવો છે.
ચાલ અલ્યા, સળગી ગઈ ને ? હવે અહીંથી હેંડતો(ચાલતો) થા !
Puppet Show
Sats
અને આમ ગરીબ હોવાની એક્ટિંગ કરીને દાદાશ્રી લૂંટારાઓની જાળમાંથી છટકી ગયા.
દાદાશ્રીને આવા સુપર આઈડિયાસ ક્યાંથી આવતા હશે ?! હવે જો હું અંધારામાં ફસાઈ જઈશ તો ડર્યા વગર બહાર નીકળવાનો રસ્તો શોધીશ.


અંધેરે મેં કૌન હૈ !?
૧૯૩૨ની આ વાત છે. રાતના લગભગ સાડા અગિયાર વાગ્યા હતા. અંબાલાલભાઈ, એટલે કે આપણા દાદાશ્રી, સાઈકલ લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં એમણે જોયું કે મહુડાના ઝાડ નીચે આગના મોટા મોટા ભડકા થઈને ઓલવાઈ જતા હતા.
અંબાલાલભાઈએ લોકોની વાત સાંભળી હતી કે મહુડાના ઝાડ પર ભૂત રહે છે. આગના ભડકા જોઈને એમને થયું કે નક્કી અહીં ભૂત જ છે. એક બાજુ તો એમને થોડો ડર લાગ્યો પણ બીજી બાજુ એમને થયું કે અહીંથી પાછા તો ના જ ફરાય.
અંબાલાલભાઈને પહેલેથી આદત હતી કે જ્યાં જ્યાં અડચણ હોય, જ્યાં જ્યાં ડર હોય ત્યાં સામું પડવું, પણ નાસવું(ભાગવું) નહીં. એમને પહેલેથી એવો વિશ્વાસ હતો કે, "મને કશું થાય નહીં."
એટલે એમણે તો સાઈકલની સ્પીડ વધારી, ખૂબ સ્પીડ વધારી અને પછી જઈને આગના ભડકા ઉપર તરાપ મારી.
ત્યાં તો કોઈનો અવાજ આવ્યો,
"ઓહ સાહેબ, મને મારી નાખ્યો !"



અંબાલાલભાઈએ કડક અવાજમાં કહ્યું,
"અરે, કોણ તને મારી નાખે ? આ ટાઈમે અહીં શું કરે છે ?"
પેલા માણસે કહ્યું,
"બીડી સળગાવવા માટે દીવાસળી સળગાવતો હતો. પવન ખૂબ છે એટલે દીવાસળી ઓલવાઈ જાય છે. એટલે બે-ત્રણ દીવાસળી ભેગી કરીને સળગાવી."
ત્યારે અંબાલાલભાઈને સમજાયું કે આ તો દીવાસળીના ભડકા દેખાતા હતા. ભડકો હતો તો નાનો પણ એમને મોટો દેખાતો હતો. કારણ કે એકવાર ભૂતનો વહેમ પડી ગયો પછી જે પ્રમાણે આપણી કલ્પના થાય એવું દેખાયા કરે.
દાદા તો કેટલા બહાદૂર હતા ! ત્યાંથી ભાગી ના ગયા. હું તો પિક્ચરમાં પણ ભૂત જોઈને ડરી જઉં છું.
અરે, એ તો ખાલી મ્યૂઝિક અને બીજી ઈફેક્ટસ આપીને આપણને ખોટું ખોટું ડરાવે. કહ્યુંને દાદાએ, બધા કલ્પનાના ભૂત છે !
Amphitheatre
Puppet Show

# વર્લ્ડની અજાયબી

જ્ઞાનીને તો જો જો જ કરવાના છે. જ્ઞાનીના તો માત્ર દર્શન જ કરવાના છે. જ્ઞાની પુરુષના દર્શન માત્રથી તો સર્વસ્વ પ્રાપ્ત થાય તેમ છે.



કરોડો જન્મની પુણ્યૈ ભેગી થાય ત્યારે આ જ્ઞાની પુરુષના દર્શન થાય.

'જ્ઞાની' ના દર્શન માત્રથી અનેક અવતારોના પાપો ભસ્મીભૂત (નાશ) થઈ જાય !

જ્ઞાની પુરુષના દર્શન કરી જશે તોય તે આવતા વિઘ્નો (પ્રૉબ્લેમ્સ) હળવા થઈ જશે. જ્ઞાની પુરુષના દર્શન માત્રથી બધા જ અંતરાયો તૂટી જાય.

દાદાના દર્શન કર્યા પછી દુઃખ ના જતું હોય
તો એ દાદા જ ન્હોય.



જ્ઞાની પુરુષના દર્શન ચૂકતા નહીં. રાતે જાગરણ કરીને, ઉજાગરો કરીને પણ આ દર્શન કરી લેવા. આ દર્શન વર્લ્ડની અજાયબી કહેવાય !

જ્ઞાની પુરુષના દર્શન કરવાથી મન સારું થાય, મન મજબૂત થાય, વાણી સારી થાય, વિચાર સારા થાય.

જ્ઞાની પુરુષની એકાગ્રતા કરે તો એને તીર્થંકરના દર્શન થાય.

જ્ઞાની પુરુષનું એક જ વાર સાચું દર્શન કરે તો તેનું કલ્યાણ થઈ જાય તેમ છે.


જૈનિસ્તાન
એકવાર થોડા જૈન લોકો મામાની પોળમાં ભેગા થઈને ગુસ્સામાં ચર્ચા કરી રહ્યા હતા. દાદાશ્રી ત્યાંથી પસાર થયા. એમના કાને 'જૈનિસ્તાન' શબ્દ પડ્યો.
આ શાની વાતો થઈ રહી છે ?
અમે હવે ગવર્મેન્ટ પાસે અમારું જુદું જૈનિસ્તાન માગવાના છીએ.
આમ તો બધા સમજદાર અને બુદ્ધિશાળી લોકો છે. છતાંય, આવો ભેદ પાડવાનો એમને વિચાર આવ્યો ?!


ચાલો ભાઈ, તમે માંગણી કરો અને દબાણ કરો તો તમારી વાત કબૂલ થઈ પણ જાય. પણ, પછી તમે બધું કેવી રીતે ચલાવશો એનો વિચાર કર્યો છે ખરો ?
તમે બધા વેપારીઓ છો. તો પછી, હજામ, ઘોડાગાડીવાળો, સુથાર, કડિયા એ બધા ક્યાંથી લાવશો ? અને એ બધા વગર તમારું ચાલશે કેવી રીતે ?
દાદાશ્રીએ એ લોકોને અડધો કલાક સમજાવ્યું. બધા શાંત થઈ ગયા.
આ તો બહુ મોટી ભૂલ થઈ. આવું તો મંગાય જ નહીં !
Puppet Show
ormation
હા, આટલા બધા લોકોનો ગુસ્સો સહેજવારમાં છૂમંતર કરી દીધો !
દાદા તો એકદમ કૂલ છે !

# નવી જ જાતની શોધખોળ




એક દિવસ દાદાશ્રીને બસમાં મુસાફરી કરવાની હતી. તેઓ કલાક પહેલા બસ-સ્ટોપ પર પહોંચી ગયા. બસને આવવાની વાર હતી એટલે તેઓ ચા-નાસ્તો કરવા ગયા.
સમય પત્રક
પાછા ફરતા થોડું મોડું થયું અને એમની નજર સામે જ બસ ઊપડી ગઈ.
ટિકિટ બારી પર તપાસ કરતા ખબર પડી કે બીજી બસને આવવાની દોઢ કલાકની વાર હતી.
હવે, દોઢ કલાક કેવી રીતે પસાર કરવો એની મૂંઝવણ થઈ પડી. અને મૂંઝવણમાં દાદાશ્રીને એક આઈડિયા આવ્યો.



કોઈ પણ વસ્તુ કે માણસની રાહ જોવી એના જેવી કોઈ મૂર્ખાઈ નથી. અત્યારે તો રાહ જોયા વગર છૂટકો જ નથી. તો પછી આ સમયનો સદુપયોગ કેમ ના કરું ?!
દાદાશ્રી તો આંખો બંધ કરીને ભક્તિ પદો બોલવા લાગ્યા.
બોલતા બોલતા દાદાશ્રીને સમજાયું કે આમ આંખો બંધ કરીને બોલતી વખતે શબ્દેશબ્દ અક્ષરો સાથે દેખાય છે. ચિત્ત શબ્દો વાંચવામાં પરોવાયેલું રહે એટલે મન બીજા વિચારો કરતું બંધ થઈ જાય છે અને આનંદ રહે છે.
પોતાની નવા પ્રકારની શોધખોળથી દાદાશ્રી તો ખુશ થઈ ગયા. સમયનો સદુપયોગ કર્યાનો એમને બહુ સંતોષ થયો.
Satsang
ખબર પડી ? હવે ફન ફેરની લાઈનમાં રાહ જોવાની આવે તો જોજે, આગળ જવા માટે ધૂસ ના મારતો !
Information desk
હા, હવે હું મારા સ્વીટ અવાજમાં આંખો બંધ કરીને અક્ષરેઅક્ષર વંચાય એવી રીતે ગાઈશ... દાદા ભગવાનના અસીમ...

દાદાના પ્રસંગને વર્ણવતા ચિત્રમાં તમારા મનપસંદ કલર પૂરો અને એનો ફોટો અમારી સાથે ૨૦ નવેમ્બર પહેલા શેર કરો ૯૩૧૩૬૬૫૫૬૨ પર. અને હા, સૌથી સારા કલર્સ પૂરનારનો ફોટો આવતા અંકમા આપવામાં આવશે.





# આપણે તો રાજા છીએ

એક વખત બે બાળકો પોતાના ફાધર પાસે ફટાકડા લઈ આપવાની જિદે વળગ્યા. પણ ફાધર પાસે ફટાકડા ખરીદવાની સગવડ નહોતી. એમણે દાદાશ્રી પાસે બાળકોને સમજાવવાની હેલ્પ માંગી.

દાદાશ્રીએ બાળકોને પૂછ્યું, "ફટાકડા ફોડવા તમને બહુ ગમે છે ?"

બાળકોએ કહ્યું, "એ તો ગમે જ ને ! કોને ના ગમે ?"

તો દાદાશ્રીએ બાળકોને સમજાવ્યું, "રાજા હોય તે ફટાકડા પોતે ના ફોડે. એના નોકરો ફોડે અને રાજા જુએ. આપણે તો રાજા છીએ ! એટલે જ્યારે લોકો ફોડે ત્યારે આપણે જોવાનું. ફોડવાવાળો તો આનંદ ના માણી શકે. એ તો ભયમાં જ હોય."

બન્ને છોકરાંઓને એવી સમજણ ફીટ થઈ ગઈ કે કાયમને માટે એમનું ફટાકડા ફોડવાનું છૂટી ગયું.



# જ્ઞાનીની અનોખી રીત

દાદાને કોન્ટ્રાક્ટનો ધંધો હતો. ૧૯૭૨-૭૩ની આ વાત છે. બૉમ્બેની એક કંપની તરફથી બેલાપુરમાં જેટી બાંધવાનો કોન્ટ્રાક્ટ દાદાને મળ્યો હતો.

જેટી બાંધવા માટેનું સૌથી સસ્તું ટેન્ડર દાદા તરફથી હતું. દાદાનું ટેન્ડર ફક્ત ૧૬ લાખનું હતું. એના પછી, બીજું સસ્તામાં સસ્તું ટેન્ડર ૩૬ લાખનું હતું. દાદાના ટેન્ડરમાં અને આ બીજાના ટેન્ડરમાં ખાસ્સું અંતર હતું.

આટલા સસ્તામાં આખી જેટી તૈયાર કરવા માટે, જેટીની આખી ડિઝાઈન દાદાએ પોતે તૈયાર કરી હતી.

જેટી માટે કંપનીની પોતાની ડિઝાઈન, યુરોપના કોઈ આર્કિટેક્ટે બનાવેલી. એક બાજુ દાદાની ડિઝાઈન હતી અને બીજી બાજુ યુરોપિયન આર્કિટેક્ટની ડિઝાઈન હતી. હવે, બેમાંથી કઈ ડિઝાઈન સિલેક્ટ કરવી, તે કંપનીએ નક્કી કરવાનું હતું.

ઘણી બધી ચર્ચા વિચારણા કરીને, મીટિંગો કરીને, છેવટે કંપનીએ દાદાની ડિઝાઈન મંજૂર કરી હતી. અને એ ડિઝાઈનથી આખી જેટી બંધાઈ હતી. દાદાની ડિઝાઈન સૌથી સસ્તી અને સૌથી મજબૂત હતી. દાદાની ડિઝાઈન



એટલી બધી અનોખી હતી કે એ ડિઝાઈનને કંપનીએ ફ્રેમ કરીને દીવાલ ઉપર લગાવેલી.

એ જ કંપનીનો એક શીખ એન્જિનિયર વગર કારણે વાંધા-વચકા કરતો હતો અને કામ રોકતો હતો. આ કામ, અમુક સમયની મર્યાદામાં પતાવવાનું હતું. કોઈની વાત એ ગાંઠતો નહોતો. એટલે છેવટે દાદા એ એન્જિનિયર પાસે ગયા અને એને ડ્રામેટિકલી ઠપકો આપ્યો. એની અસર એ એન્જિનિયર પર ભારે થઈ. આખી રાત એને ઊંઘ ના આવી. ઊંઘમાં પણ એને દાદાનો ચહેરો દેખાયા કરતો હતો. બીજે દહાડે એણે એની ભૂલ કબૂલ કરી અને સામે ચાલીને દાદાને બધું સૉલ્વ કરવા બોલાવ્યા.

એટલે દાદા ફરી એની ઑફિસે ગયા. પ્રેમથી એની સાથે વાતચીત કરી અને એને માથે હાથ ફેરવ્યો. ત્યારબાદ એ ભાઈને સમાધાન થઈ ગયું અને એણે ફરી ક્યારેય કોઈ પ્રૉબ્લેમ કર્યો નહીં. અને સરસ જેટી તૈયાર થઈ ગઈ.

જ્ઞાનીની મુશ્કેલ બાબતોનો ઉકેલ લાવવાની રીત કેવી અનોખી હોય છે !



Akram Express

November 2022
Year : 15, Issue :3
Conti. Issue No.: 171

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# 'ધ હેપ્પી કિડ બુક'




ચાલો મળીએ એક હેપ્પી કીડને, જે લઈ જાય છે સીડ - ધ સેડને એક હેપ્પી ટુર પર...તો શું બનવું છે તમારે પણ આ સ્ટોરીનો હીરો, ધ હેપ્પી કીડ? તો આ બુક જરૂરથી વાંચો.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.